# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા**

વાંચે છે.

---

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WEATHER

હવામાન વિભાગે આજે મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે મધ્યમથી હળવા વરસાદની આગાહી કરી છે. જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રમાં છુટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા દર્શાવી છે.. આવતીકાલ માટે હવામાન વિભાગે કચ્છ અને સૌરાષ્ટ્રમાં છુટાછવાયા વરસાદની શક્યતા દર્શાવી છે જ્યારે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમા કેટલાંક સ્થળોએ વરસાદની આગાહી કરી છે.

# GANESH CHATURTHI/ SAMVATSARI

રાજ્યભરમાં આજે ગણેશ ચતુર્થી અને સંવત્સરી પર્વની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

રાજકોટ શહેર ભાજપ દ્વારા રેસકોર્સ મેદાન ખાતે ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં આજે યોજાયેલી શોભાયાત્રામાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા અને મેયર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા..

મહેસાણામાં આવેલ ગણપતિ મંદિરમાં પરંપરા મુજબ ગણપતિ ભગવાનને મહિલા પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનરથી સન્માન અપાયું. આ પ્રસંગે મહેસાણાના સાસંદ હરિભાઈ પટેલ, રાજ્યસભાના સાસંદ મયંક નાયક સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગના આહવા, વધઇ, સુબીર, સાપુતારા સહિતના તાલુકાઓમાં ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી, લોકોએ પરંપરાગત રીતે પોતાના ઘરમાં શ્રીજીની સ્થાપના કરી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસાના એકમાત્ર સિદ્ધિ વિનાયક મંદિરથી ભક્તોએ બાપ્પાની પ્રતિમા સાથે શહેરના અલગ-અલગ વિસ્તારમાં શોભાયાત્રા યોજી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નાની દમણ પોલીસ સ્ટેશનમાં ગણપતિની સ્થાપના કરવામાં આવી..

તો બીજી તરફ, આજે પર્યુષણ પર્વનું સમાપન થશે.. અમદાવાદ સહિત રાજ્યના તમામ દેરાસરમાં વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. જૈન બંધુઓએ એકબીજાને મિચ્છામી દુક્કડમ કહી વર્ષ દરમિયાન થયેલી ભૂલોની ક્ષમા યાચના કરી હતી.

# JAMANAGR- MODAK SPRDHA

જામનગરમાં લાડુ આરોગવાની અનોખી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. બ્રમ્હ સોશ્યલ ગૃપ દ્વારા દર વર્ષે યોજાતી આ સ્પર્ધામાં પુરુષોમાં જામનગરના કાનજી મકવાણાએ 12 તેમજ બહેનોમાં પદ્મિબેન ગજેરાએ ૭ લાડુ આરોગી પ્રથમ નંબર મેળવ્યો હતો. વિજેતાઓને આકર્ષક ઈનામો તેમજ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના આયોજક આનંદ દવેએ આ વિશે વધુ માહિતી આપી...

**(બાઇટ- આનંદ દવે- આયોજક)**

# AHMEDABAD POSHAN MAAS

અમદાવાદ જિલ્લા પંચાયતના આઈ. સી. ડી. એસ. વિભાગ દ્વારા વિરમગામના ભોજવા, દસક્રોઈ, નાંદેજ 2 અને માંડલના આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી.

સાતમા રાષ્ટ્રીય પોષણ માસ કાર્યક્રમ ઉજવણીમાં આઈસીડીએસ વિભાગના બાળ વિકાસ યોજના દ્વારા રાષ્ટ્રીય પોષણ અભિયાનની પાંચ થીમ

આધારીત જાણકારી આપવામાં આવી હતી. વરસાદી સિઝનમાં સુપાચ્ય હોય તેવા સ્થાનિક ખોરાકને રોજિંદા જીવનમાં અપનાવવા માટે લોકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ કૃષિ વિજ્ઞાનના નિષ્ણાંત દ્વારા લોકોને મિલેટના ફાયદા વિશે અને ઘરે જ કિચન ગાર્ડન બનાવવા અપીલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે રંગોળી નિદર્શન તેમજ સલાડ ડેકોરેશન અને વાનગી નિદર્શન કરી લોકોને પોષણના મહત્વની જાણકારી આપવામાં આવી. ઉપરાંત વર્કર બહેનો દ્વારા સ્વચ્છતાના પાંચ સ્ટેપની અભિનય દ્વારા પ્રસ્તુતી તેમજ કુપોષિત બાળકોને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

# AMC HOLLYWOOD AWAS

દેશભરમાં આજથી ગણેશ મહોત્સવની શરૂઆત થઈ છે. મહાનગરપાલિકા દ્વારા અમદાવાદના ગણેશજીની મૂર્તિઓના હબ ગુલબાઈ ટેકરાની કાયાપલટ કરવામાં આવશે.

ગુજરાતમાં ભગવાન ગણેશજીની મૂર્તિઓ બનાવવા માટે સૌથી જાણીતું બજાર અમદાવાદના ગુલબાઈ ટેકરામાં આવેલું છે. અહીં 50 વર્ષથી બાવરી સમાજના લોકો ગણપતિ સહિત અલગ અલગ ભગવાનની મૂર્તિઓ બનાવી વેચે છે. થોડા સમય પહેલાં એએમસીએ ગુલબાઈ ટેકરાનું રિડેવલપમેન્ટ કરવાનો નિર્ણય કર્યો હતો અને 99 કરોડનું ટેન્ડર પણ આપી દેવાયું હતું.

આમ, હવે એએમસીના પ્લોટમાં વર્ષોથી રહેતા બાવરી સમાજના લોકોને ત્યાંથી હટાવી તેમના માટે 322 સ્ક્વેર ફૂટના 854 નવાં મકાન બનાવાશે. આ મકાનો બનતાં 2 વર્ષ જેટલો સમય લાગશે, જેથી બાવરી સમાજના લોકો અન્ય સ્થળે રહેવા જશે..

# BHAVNAGAR- NIMUBEN BAMBHANIYA

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકા ખાતે કેન્દ્રીય રાજ્યકક્ષાના મંત્રી નિમુબેન બાંભણીયાએ ૨૫૬ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર સરકારી સાયન્સ સ્કૂલ ઇમારતનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ અદ્યતન ઇમારતમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, કોન્ફરન્સ હોલ તથા પાંચ વર્ગ ખંડનું નિર્માણ કરવામાં આવશે.

સરકારી ઉ.મા. સાયન્સ સ્કૂલ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરતા કેન્દ્રીય રાજ્યકક્ષાના મંત્રી નિમુબેન બાંભણીયાએ કહ્યું કે,શિક્ષણ એ સમાજના ઘડતરનો અગત્યનો પાયો છે. તેમણે ઉમેર્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર વિદ્યાર્થીઓને ઉત્તમ પ્રકારનું શિક્ષણ ઘર આંગણે જ મળી રહે તે માટે પ્રતિબધ્ધ છે.

# PGVCL RESTORATION

સૌરાષ્ટ્રના જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને કચ્છના માંડવી, મુન્દ્રા, અબડાસા સહિતના વિસ્તારોમાં વીજપોલ ધરાશાઈ થયા હતાં. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ હેઠળના 22 હજાર જેટલા વીજ પોલને વરસાદના કારણે નુકસાન થયુ હતું.. જે પૈકી 12 હજાર જેટલા વીજપોલ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પુનઃ કાર્યરત કરવામાં આવ્યા છે. જ્યારે કે 10 હજાર જેટલા વીજ પોલ હજુ પણ કાર્યરત કરવાના બાકી છે.

હાલ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા 4 હજાર 500 જેટલા મેનપાવરની મદદથી વીજ પુરવઠો કાર્યરત કરવાની કામગીરી ચાલી રહી છે. અંદાજિત 11 હજાર જેટલા ગામડાઓમાં ભારે વરસાદના કારણે વીજ પુરવઠો ખોરવાયો હોવાની ફરિયાદો મળી હતી. જે તમામ ગામોમાં હાલ વીજ પુરવઠો

કાર્ય કરી દેવામાં આવ્યો હોવાનું પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજીંગ ડાયરેક્ટર પ્રીતિ શર્માએ વધુ માહિતી આપી...

**(બાઇટ- પ્રીતિ શર્મા- એમડી- પીજીવીસીએલ)**